# અંતે જીએસટી બિલ રાજ્યસભામાં પસાર

નવીદિલ્હી, તા.૩
લાંબા સમયથી અટવાયેલા લોકપ્રિય જીએસટી બિલને આજે રાજ્યસભામાં રજૂ કરી દેવામાં આવ્યા બાદ ગરમા ગરમ ચર્ચા થઈ હતી. લાંબી ચર્ચા બાદ રાજ્યસભાએ જીએસટી બંધારણીય સુધારા બિલને પસાર કરી દીધું હતું. ૧૯૭ સભ્યોએ બિલના સમર્થનમાં મતદાન કર્યું હતું. સેક્રેટરી જનરલે મોડેથી વોટીંગની પ્રક્રિયા અંગે માહિતી આપી હતી. અગાઉ રાજ્યસભામાં ચર્ચા બાદ વોટીંગ માટે જીએસટ બિલને મુકવામાં આવ્યું હતું. બિલ રજુ કરવામાં આવ્યા બાદ તેના ઉપર ગરમાગરમ ચર્ચા શરૂ થઈ હતી. રાજ્યસભામાં નાણામંત્રી અરુણ જેટલીએ આ બિલ રજૂ કર્યું હતું. આ બિલને રાજ્યસભામાં વિચાર કરવા અને પસાર કરવા માટે પાંચ કલાકથી વધુ સમયની ફાળવણી કરવામાં આવી હતી. આ બિલ છ સુધારા સાથે રાજ્યસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. કરવેરા ક્ષેત્રમાં જીએસટીને હજુ સુધી સૌથી દુરગામી બિલ તરીકે ગણવામાં આવે છે. રાજ્યસભામાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા ચિદમ્બરમે જીએસટી સાથે સંબંધિત બંધારણીય સુધારા બિલ ઉપર ચર્ચામાં ભાગ લેતા કહ્યું હતું કે, કોંગ્રેસ જીએસટી વિચારને સમર્થન આપે છે. તેમણે કહ્યું હતું કે, સરકારે વર્ષ ૨૦૧૧થી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં જીએસટી બિલને પસાર કરવાના પ્રયાસ કર્યા હતા પરંતુ તે વખતના મુખ્ય વિરોધ પક્ષનો સહકાર ન મળવાના કારણે બિલ પસાર કરી શકાયું ન હતું. વર્તમાન સરકારે પણ મુખ્ય વિરોધ પક્ષના ટેકા વગર છેલ્લા ૧૮ મહિનાથી આ બિલને પસાર કરવાના પ્રયાસ કર્યા છે પરંતુ સફળતા મેળી નથી. હવે સરકારે છેલ્લા પાંચ છ મહિનાથી તમામને સાથે લઈને આગળ વધવાનો પ્રયાસ કર્યો છે અને સારા પરિણામ મળી રહ્યા છે. ચિદમ્બરમે આક્ષેપ કરતા કહ્યું હતું કે, વર્તમાન બિલનો મુસદ્દો ખુબ જ ઉદાસીન છે. દરેક કરવેરા માટેનો કોઈ હેતુ હોય છે. આનાથી પ્રાપ્ત થનાર રકમ કેન્દ્ર અથવા રાજ્યોને મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ વર્તમાન બિલમાં આને લઈને સ્પષ્ટતા નથી. કેટલાક રાજ્યોને એક ટકાના વધારાના કરવેરા લાગૂ કરવાના અધિકાર આપવા સાથે સંબંધિત જોગવાઈને દૂર કરવાના સરકારના નિર્ણયનું અમે સ્વાગત કરીએ છીએ. ચિદમ્બરમે અન્ય વિવિધ વિષય ઉપર પણ વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ભૂતપૂર્વ નાણામંત્રી પ્રણવ મુખર્જીએ જીએસટી માટેનું મુખ્ય બિલ બનાવ્યું હતું તેમાં વિવાદ નિરાકરણ માટે એક ખાસ વ્યવસ્થા કરાઈ હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ બિલમાં સ્પષ્ટ તંત્ર રહે તે જરૂરી છે. ચિદમ્બરમે જીએસટી માટે કરવેરાના દર ૧૮ ટકાથી વધારે ન રાખવાની તરફેણ કરી હતી અને કહ્યું હતું કે, દેશમાં એક સમાન જીએસટી કરના દરો માટે એક માપદંડ રહે તે જરૂરી છે. કોંગ્રેસ પાર્ટી આ માંગણી ઉપર મક્કમ છે.ચિદમ્બરમ ઉપરાંત અન્ય નેતાઓએ પણ પોતાના અભિપ્રાય આપ્યા હતા. જેટલીએ જીએસટીને દેશ માટે મહત્વપૂર્ણ ગણાવીને કહ્યું હતું કે, આનાથી મોટા પરિવર્તનની આશા જાગશે. આ સૌથી મોટા આર્થિક સુધારા પૈકી એક છે. આનાથી સમગ્ર દેશમાં એક સમાન કરવેરા લાગૂ થશે.



## જીએસટીની વિશેષતા.......

- જીએસટી દેશભરમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ ઉપર લેવામાં આવનાર યુનિફોર્મ ઈન ડાયરેક્ટ ટેક્સ રહેશે. ઘણા બધા દેશોમાં આ પ્રકારની વ્યવસ્થા રહેલી છે જેમાં ઘણી બધી ચીજોના વેચાણ, નિર્માણ અને વપરાશમાં એક સમાન સર્વગ્રાહી ટેક્સ રહે છે
- સેન્ટ્રલ ટેક્સ જીએસટી એક્સાઈઝ ડ્યુટી, સર્વિસ ટેક્સ, વધારાની એક્સાઈઝ અને કસ્ટમ ડ્યુટી અને સેઝની વધારાની ડ્યુટી, ચીજવસ્તુઓની સર્વિસ અને સરચાર્જની જગ્યા લેશે
- રાજ્યોના ટેક્સ જીએસટી વેટની જગ્યા લેશે. વેટ, સેન્ટ્રલ સેલ્સટેક્સ, પરચેઝ ટેક્સ, એન્ટ્રી ટેક્સ, એન્ટરટેઈનમેન્ટ ટેક્સ, જાહેરાતો ઉપર ટેક્સ, લોટરી, સટ્ટા, જુગાર સહિતના ટેક્સની જગ્યા જીએસટી લેશે
- જીએસટીનો મુખ્ય હેતુ વધારે પડતા કરવેરાને નાબૂદ કરવાનો છે.
- કરવેરામાં ચોરી, ઓછા ટેક્સ રેટના વિભાગનો અંત આવશે. બિઝનેસ કારોબાર સરળ બનશે
- જીએસટી બિલના મુદ્દે એનડીએ સરકાર અને વિપક્ષ વચ્ચે ઘણા મુદ્દે ખેંચતાણ રહી છે
- પેટ્રોલિયમ ક્રૂડ, હાઈસ્પીડ ડીઝલ, મોટર સ્પિરીટ, નેચરલ ગેસ, ઉડ્ડયન ટર્બાઈન, માનવ વપરાશ માટે શરાબના પુરવઠા ઉપર ટેક્સ સિવાય કેટલીક બાબતોને લઈને દુવિધા છે

## યુપીમાં ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરશે : સર્વે

લખનૌ, તા. ૩
ઉત્તરપ્રદેશમાં વર્ષ ૨૦૧૭માં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો પોતપોતાની તૈયારીમાં વ્યસ્ત બનેલા છે ત્યારે સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી રહી છે. હવે એક નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ઉત્તરપ્રદેશમાં ભાજપ આગામી સરકારની રચના કરશે. ૩૨ ટકાથી વધુ લોકો દ્વારા આ પ્રકારનો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે જ્યારે ૨૬ ટકા લોકોનું કહેવું છે કે, સમાજવાદી પાર્ટી ફરી એકવાર સરકારની રચના કરવામાં સફળ રહેશે. ૨૪ ટકા લોકો બહુજન સમાજ પાર્ટીની તરફેણ કરી રહ્યા છે જ્યારે સાત ટકા લોકો કોંગ્રેસને મત આપી રહ્યા છે. ચાર ટકા લોકો માને છે કે, ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાઈ શકે છે. ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરીને આવે તેવી શક્યતા છે.

નવા સર્વે બાદ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધી ગયો છે. ઉત્તરપ્રદેશના ૧૦ વિધાનસભા મત વિસ્તારોને આવરી લઈને ૨૪મી અને ૨૫મી જુલાઈના દિવસે કરવામાં આવેલા સર્વેમાં જાણવા મળ્યું છે કે, ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે. ૨૮ ટકા લોકો માને છે કે, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી તરીકે અખિલેશ યાદવ સારી કામગીરી અદા કરી રહ્યા છે.

૨૫ ટકા લોકોનો માયાવતીને પસંદ કરી રહ્યા છે જ્યારે કોંગ્રેસ માટે ખુબ નિરાશાજનક સમાચાર છે. માત્ર પાંચ ટકા લોકો જ શિલા દિક્ષિતને મત આપવાના મુડમાં દેખાઈ રહ્યા છે. આઠ ટકા લોકો કોઈપણ વાત કરવાની સ્થિતિમાં ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી દેશમાં સૌથી મહત્વપૂર્ણ પુરવાર થનાર છે. કારણ કે, આ ચૂંટણી વર્ષ ૨૦૧૯માં યોજાનાર લોકસભાની ચૂંટણી માટેની આધારશીલા પણ મુકનાર સાબિત થશે.

## દુબઈ એરપોર્ટ પર વિમાન ઉતરાણ વેળા આગમાં : ૩૦૦ યાત્રીનો આબાદ બચાવ



નવીદિલ્હી, તા.૩
૩૦૦ યાત્રીઓ સાથેનું અમીરાત વિમાન આજે ઉતરાણ કર્યા બાદ આગની જ્વાળામાં લપેટાઈ ગયું હતું. જો કે, આ દિલધડક બનાવમાં તમામ ૩૦૦ યાત્રીઓનો સહેજમાં બચાવ થઈ ગયો હતો. ઉતરાણ કર્યા બાદ વિમાનમાં ધડાકા સાથે આગ ફાટી નિકળી હતી. દુબઈ વિમાની મથકને આ બનાવ બાદ થોડાક સમય માટે બંધ કરી દેવાની ફરજ પડી હતી. આ બનાવ આજે ૧૨.૪૫ વાગ્યાની આસપાસ દુબઈ ઈન્ટરનેશનલ વિમાની મથક ઉપર બન્યો હતો. બનાવ બાદ તરત જ વિમાની મથકે ભાગ દોડ મચી ગઈ હતી. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. અમિરાતે માહિતી આપતા કહ્યું છે કે, તમામ યાત્રીઓને આગની ઘટના વચ્ચે સુરક્ષિતરીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. કોઈને પણ નુકસાન થયું નથી પરંતુ રન વે પર વિમાનમાંથી નિકળતા ધુમાડાના ફોટોગ્રાફ જોતા ભારે દહેશત ઉભી થાય છે. ધનિયા રાજેન્દ્રન નામની વ્યક્તિએ આ ફોટા પોસ્ટ કર્યા છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, કેટલાક યાત્રીઓને ઈજા પણ થઈ છે. ઈમરજન્સી વાહનો તરત જ વિમાનની આસપાસ પહોંચી ગયા હતા અને યાત્રીઓને બહાર કાઢી લેવાયા હતા. થિરુવંતનપુરમ ખાતે એરપોર્ટના એક અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, નિર્ધારિત સમય કરતા ૨૦ મિનિટ મોડેથી એટલે કે સવારે ૧૦.૨૫ વાગે ફ્લાઈટ ઈકે-૫૨૧ ઉડાણ ભરી હતી. અન્ય ટ્વિટર એકાઉન્ટમાં જણાવવામાં આવ્યું છે કે, એન્જિન પૈકીના એકમાં ખરાબી ઉભી થઈ હતી. એન્જિન ફેઈલ થઈ જવાના કારણે ખતરનાક ઉતરાણ કરવાની ફરજ પડી હતી. દુબઈ વિમાની મથકને તરત જ બંધ કરી દઈને સાવચેતીના પગલા લેવાયા હતા.

## રાજનાથસિંહ સાર્કમાં ભાગ લેવા માટે પાકિસ્તાન પહોંચ્યા



અમદાવાદ, તા.૩
સાર્ક કોન્ફરન્સમાં ભાગ લેવા માટે રાજનાથ સિંહ પાકિસ્તાન પહોંચી ગયા છે, અહીં એસએએઆએસ ( સાઉથ એશિયન એસોશિએશન ફોર રિઝનલ કો-ઓપરેશન)ની મિટિંગમાં ભાગ લેવા માટે ૩ અને ૪ ઓગસ્ટ સુધી પાકિસ્તાનમાં રોકાશે, જો કે પાકિસ્તાન પહોંચતાની સાથે જ ભારતીય ગૃહમંત્રીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે, આતંકી સંગઠન હિઝબુલે ભારતના ઝંડા સળગાવી વિરોધ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, સાર્ક સાઉથ એશિયાના ૮ દેશોનું આર્થિક અને રાજનૈતિક સંગઠન છે. તો આતંકી હુમલાને ધ્યાને રાખી રાજનાથ સિંહને પાકિસ્તાનમાં રાષ્ટ્રપતિ સ્તરની સુરક્ષા આપવામાં આવશે. એસએએઆરસીનું આખું નામ સાઉથ એશિયન એસોશિએશન ફોર રિઝનલ કો-ઓપરેશન છે. સાર્ક સાઉથ એશિયાના ૮ દેશોનું આર્થિક અને રાજનૈતિક સંગઠન છે. આ સગઠનની શરૂઆત ૮ ડિસેમ્બર ૧૯૮૫માં બાગ્લાદેશના ઢાકામાં થઈ હતી. સાર્કમાં ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભૂટાન જોડાયેલા છે.

મિનિસ્ટર ઓફ ધ સ્ટેટ કિરણ રિજિજૂએ કહ્યું હતું કે, સાર્કમાં મલ્ટીલેટ્રલ મિટિંગ યોજાવાની છે. આ મિટિંગમાં આતંકવાદનો મુદ્દો મુખ્ય રહેવાની શક્યતા છે.

### અનિર્ણિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વરાજ, નાણામંત્રી અરુણ જેટલી, માહિતી અને પ્રસારણ પ્રધાન વેંકૈયા નાયડુ ઉપસ્થિત રહ્યા હતા. નિરીક્ષક તરીકે નિમાયા બાદ નીતિન ગડકરી અને સરોજ પાંડે આવતીકાલે ગુજરાત પહોંચશે. રાજ્યમાં બેઠક યોજાયા બાદ આનંદીબેનના અનુગામીની પસંદગી કરવામાં આવશે. નાયડુએ કહ્યુ હતુ કે અમિત શાહ ગુજરાતના મુખ્યપ્રધાન બનશે નહી તેઓ ભાજપના પ્રમુખ તરીકે યથાવત રહેશે.

આવતીકાલે યોજાનારી વિધાનસભા પક્ષની બેઠકમાં કેન્દ્રિય પ્રધાન નિતિન ગડકરી અને છત્તિસગઢના ભાજપના નેતા રાષ્ટ્રીય મહાસચિવ સરોજ પાન્ડે પણ હાજર રહેનાર છે. વેંકૈયા નાયડુએ આનંદીબેન પટેલની કામગીરીની પ્રશંસા કરતા કહ્યુ હતુ કે તેમના નેતૃત્વમાં સરકારે ખુબ સારુ કામ કર્યુ છે. ગુજરાતના દરેક વર્ગના હિતમાં આનંદીબેન પટેલે કામ કર્યુછે. ૭૫ વર્ષ પૂર્ણ થયા બાદ સક્રિય રાજનિતીથી દુર થછઈ જવાના નિર્ણયની પણ પ્રશંસા કરી હતી. આ અગાઉ એવી અટકળો ચાલી રહી હતી કે અમિત શાહ ગુજરાતના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે. અમિત શાહના નામ પર સ્થિતી સ્પષ્ટ થયા બાદ હવે ગુજરાતમાં મુખ્યપ્રધાન કોણ બનશે તેને લઈને ચર્ચા શરૂ થઈ છે. સિનિયર પ્રધાન નિતિન પટેલ અને ગુજરાત ભાજપના પ્રમુખ વિજય રૂપાણી પ્રબળ દાવેદાર તરીકે ઉભરીને આવ્યા છે. ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં તમામ પાસા પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ આ બેઠકમાં આનંદીબેન પટેલના રાજીનામાના મામલે મંજુરીની મહોર મારી દેવામાં આવી હતી. તેમના રાજીનામાને સ્વીકારી લેવામાં આવ્યા બાદ હવે આનંદીબેન ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીને તેમના રાજીનામાને સોંપવાની પ્રક્રિયા હાથ ધરી રહ્યા છે. આજે યોજાયેલી બેઠકમાં ગુજરાતના નવા મુખ્યપ્રધાન કોણ બનશે તે અંગે કોઈ નિર્ણય લઈ શકાયો ન હતો. પહેલી ઓગષ્ટના દિવસે આનંદીબેન પટેલે એકાએક રાજીનામું આપવાની ઓફર કરીને તમામને ચોંકાવી દીધા હતા. સાથે સાથે રાજકીય વર્તુળોમાં પણ ખળભળાટ મચી ગયો હતો. તાજેતરમાં જ આનંદીબેન પટેલને વ્યાપક નારાજગીનો સામનો કરવો પડી રહ્યો હતો. એકપછી એક પડકારો આનંદીબેન સામે આવ્યા હતા. જેમાં પહેલા પાટીદાર સમુદાયના અનામતને લઈને આંદોલન અને હાલમાં જ દલિત સમુદાય દ્વારા રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શનનો સમાવેશ થાય છે. પહેલી ઓગષ્ટના દિવસે ફેસબુક પોસ્ટમાં મુખ્યમંત્રીએ લખીને પાર્ટી લીડરશીપમાં મુખ્યમંત્રી પદના હોદ્દાથી તેમને મુક્ત કરવા અપીલ કરી હતી. તેમણે બે માસ અગાઉ પક્ષના વરિષ્ઠ નેતૃત્વ સમક્ષ આ જવાબદારીમાથી મુક્ત કરવા માટે વિનંતી કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટીના હાઈકમાન્ડે ૭૫ વર્ષથી વધુ ઉંમર ધરાવનાર ભાજપના પ્રધાનો, મુખ્યમંત્રીઓ વગેરેને તેમની મુખ્ય જવાબદારીઓમાંથી મુક્ત કરવાનો અગાઉ નિર્ણય કર્યો હતો જેને અનુસરી આનંદીબેન પટેલે આ રાજીનામુ આપ્યું હોવાનું ભાજપના સૂત્રો જણાવી હતુ. આનંદીબેન પટેલે અનેક અવરોધ અને સામા રાજકીય પવન વચ્ચે સરકારના એક પછી એક પ્રજાલક્ષી નિર્ણયો જાહેર કરી એક તરફ પ્રજામાં પોતાની લોકચાહના ઉભી કરી હતી. આનંદીબેન પટેલ પોતાની રાજકીય કેરિયરમાં અનેક મહત્વપૂર્ણ હોદ્દા પર રહ્યા હતા. જ્યારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે આનંદીબેન પ્રધાન તરીકે તેમની કેબિનેટમાં હતા. નિવૃતિ લઈ રહેલા આનંદીબેને પ્રથમ નોકરી મહિલાઓની ઉન્નતી માટે કાર્યરત રહેવા મહિલા વિકાસ ગૃહમાં લીધી હતી.

### વધતી સંભાવના

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમિત શાહને સોંપવામાં આવી છે. કહેવાય છે કે હવે માત્ર ઔપચારિક વિધિ બાકી છે.

ગુજરાતમાં ૧૯૯૫માં ભાજપની સરકારના પહેલા મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ હતા. પાર્ટીમાં બળવો થતાં તેમના સ્થાને સુરેશ મહેતાને મૂકવામાં આવ્યા હતા. શંકરસિંહ વાઘેલાની એક વર્ષ જૂની સરકાર અને ટેકો આપનારી કોંગ્રેસ વચ્ચે મતભેદો સર્જાતાં દિલીપ પરીખ મુખ્યમંત્રી બન્યા હતા. ૨૦૦૧માં કેશુભાઈ પટેલની બીજી સરકારમાં હાઈકમાન્ડે તેમને હટાવી નરેન્દ્ર મોદીને ગુજરાતના મુખ્યમંત્રી બનાવ્યા હતા.

હવે બે વર્ષ જૂની આનંદીબહેન પટેલે રાજીનામું આપતાં નિતીન પટેલ મુખ્યમંત્રી બની રહ્યાં છે. ભાજપમાં સંજોગોએ ચીફ મિનિસ્ટર બનાવ્યા હોવાના કુલ ત્રણ કિસ્સા બન્યા છે જેમાં સુરેશ મહેતા, નરેન્દ્ર મોદી અને નિતીન પટેલનો સમાવેશ થાય છે, જ્યારે રાજપાની સરકારમાં દિલીપ પરીખનો એકમાત્ર કિસ્સો છે.

પાર્ટી હાઈકમાન્ડ આખરી ફેંસલો બદલે નહીં તો નિતીન પટેલ નિશ્ચિત મનાય છે તેમ છતાં પાર્ટી પ્રેસિડેન્ટ વિજય રૂપાણીનું નામ પણ ચર્ચામાં છે. જો કે, વિજયભાઈએ સંગઠનમાં જ રહેવાના સંકેતો આપ્યા છે. સંભવત શુક્રવારે નવા મુખ્યમંત્રીની શપથવિધિ યોજાય તેવી સંભાવના છે.

### વરસાદની ચેતવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મી.મી., ગોધરામાં ૭૦મી.મી. બાલાશિનોરમાં ૬૨ મી.મી., કડાણમાં ૫૮ મી.મી, દાહોદમાં ૫૮ મી.મી વાંસદામાં ૫૧ મી.મી. પારડીમાં ૭૩ મી.મી. અને ઉમરગામમાં ૭૩ મળી કુલ ૧૦ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત રાજ્યના મેઘરજ, વડોદરા, બોડેલી, છોટાઉદેપુર, ધોધંબા, ગોધરા, જાંબુધોડા, કલોલ, મોરવાહડફ, ગરબાડા, લીમખેડા, ગીરગઢડા, ગરૂડેશ્વર, સાગબારા, સોનગઢ, ઉચ્છલ, વ્યારા, માંડવી, ઉમરપાડા, ચીખલી, ધરમપુર અને વાપી મળી કુલ ૨૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૨૨ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. આ સાથે રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૮.૮૩ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છમાં ૧૪.૫૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૩૨.૯૬ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૩૪.૬૨ ટકા, સૌરાષ્ટ્ર રીજીયનમાં ૩૭.૬૪ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૪૩.૭૦ ટકા જેટલો સરેરાશ વરસાદ થયો છે.

### કેસ દાખલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ મામલો ચર્ચા જગાવી ચુક્યો છે. સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે, આરોપીએ ફોજદારી કાવતરું ઘડી કાઢ્યું હતું અને ખોટી રીતે જમીન ટ્રાન્સફર કરવામાં આવી હતી. ૨૯.૩૫ કરોડની રકમમાં જ આ સોદો થયો હતો જ્યારે વાસ્તવિક કિંમત ખુબ ઉંચી હતી. આના લીધે સરકારી તિજોરીને ૭૦૯.૨૭ કરોડનું નુકસાન થયું હતું.યુપીએના શાસન દરમિયાન વાઘેલાએ તેમના મંત્રાલયના અધિકારીઓની ભલામણને ફગાવી દીધી હતી અને સુચન કર્યું હતું કે, એનટીસીના મામલે નવેસરથી વિચારણા થવી જોઈએ. વાઘેલા ઉપરાંત અન્ય કેટલાક નામોનો ઉલ્લેખ પણ આમા કરાયો હતો.

### વરસાદ લાવ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠગારી નવડતી હતી. એકબાજુ ખેડુતો પણ વાવણી બાદ હવે ખેતપાકો માટે જરૂરી વરસાદની વાટે છે. ત્યારે વાતાવરણમાં વરસાદની ગેરહાજરી વચ્ચે વધતા ઉકળાટના લીધે નગરજનો પણ બફારો અનુભવી રહયા છે. છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય બફારાથી ત્રસ્ત બની ગયા હતા. બીજીતરફ શ્રાવણની શરૂઆત સાથે જ મેઘરાજાએ મહેર કરતા નગરજનોએ પણ હાંશકારો અનુભવ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૨૨.૫ મી મી વરસાદ વરસ્યો છે. વરસાદના લીધે સેકટરમોમાં ઠેર ઠેર પાણી ભરાઈ હયા હતા. વરસાદી પાણીના ભરાવા સાથે સેકટરોમાં જીવાતનો ઉપદ્રવ પણ વધી ગયો છે. સેકટરોમાં વરસાદી સમસ્યાઓ ડગલે ને પગલે ડોકીયુ કરતી નજરે પડે છે. પાટનગર યોજના ભવન પાસે એક તોતિંગ વૃક્ષ પણ ધરાશાયી થયુ હતુ. સિઝનનો અત્યારસુધીનો વરસાદ ૨૯૦ મી મી થયો છે. શ્રાવણ મહીનાના પ્રારંભે બમ બમ ભોલેના જયઘોષ સાથે મેઘરાજાએ પણ હેત

વરસાવતા ભાવિકોમાં ખુશાલી જોવા મળી હતી.શ્રાવણમાં સરવરીયા વરસાવી જતા મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ પણ જન્મી છે.

### ડહોળા પાણીની સમસ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં છેલ્લા બે દિવસથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની સાથે ડહોળુ આવતુ હોવાની બુમ ઉઠવા પામી છે. નર્મદા ડેમ ઓવર ફ્લો થતા કેનાલમાં પાણીનો ફોર્સ વધતા ડહોળાશનો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. કેનાલમાં પાણીની હીલચાલ વધતા ડહોળાશનુ પ્રમાણ વધ્યુ છે. જેના લીધે સેકટરોમાં સપ્લાય થતુ પાણી પણ ડહોળુ આવતુ હોવાની બુમરાણ મચી છે. જેને અનુલક્ષી કેનાલ વિસ્તારમાં ટર્બીલીટીની સમસ્યા હલ થાય તે માટે પાવડરનો ઉપયોગ પણ કરવામાં આવી રહયો છે. જો કે સેકટરોમાં સપ્લાય કરવામાં આવતુ પાણી પીવાલાયક હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે ડહોળા પાણીની સમસ્યાને અનુલક્ષી પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણીનો સપ્લાય ઘટાડી દેવામાં આવ્યો હતો. પ્રતિદિન ૨૩ ના બદલે ૧૪ એમ એલ ડી પાણી જ સપ્લાય થતા સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જો કે સેકટરવાસીઓને પાણી ફોર્સથી મળી રહે તે માટે આજથી પુરતા ફોર્સથી સપ્લાય આપવાનુ શરૂ કરી દેવાયુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

### મારે જરૂર છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરેલા નેતાઓને સરકારના પદ પર રહેવા દેવા માગતું નથી. ભાજપની સરકારોમાં જ્યાં પણ ૭૫ વર્ષના નેતા મુખ્યમંત્રી કે મંત્રી હશે તેમને સત્તા છોડવી પડશે તે નિશ્ચિત બની ચૂક્યું છે. ગુજરાતની કેબિનેટમાં પણ ૭૫ વર્ષ પૂરા કરનારા સભ્યને સ્થાન નહીં હોય તેવું કહી શકાય છે.

અમિત શાહનું જમાપાસુ એટલું છે કે તેમનામાં વિલપાવર છે. તેઓ જે ધારે છે તે કરે છે. પાર્ટીના સંગઠનને સાથે રાખીને ચાલવાની તેમની આદત પાર્ટી માટે પ્લસપોઈન્ટ છે. વ્યક્તિગત રીતે તેઓ બધાંને નામથી બોલાવે છે. સબંધોનો વ્યક્તિ છે. વિરોધપક્ષમાં પણ તેમની એક ચોક્કસ ઈમેજ છે. લાગણીશીલ પણ એટલા જ છે. સ્ટેટેજી માસ્ટર છે. વિરોધપક્ષના મજબૂત કેન્ડિડેટને પાર્ટીમાં લઈ આવવાની તેમની તાકાત મોદીએ જોઈ છે.

### લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

● સંતાનોની ગેરહાજરીમાં ઝઘડનારાં મા-બાપ જરાં જાતને પૂછો તો ખરાં કે સંતાનોની હાજરીમાં કદી એકબીજાને મનભરીને પ્રેમ કર્યો છે ખરો? એવી કોઈ ઘટના યાદ આવે ખરી?

● વિનાકારણ આવેશમાં આવી સંતાનને ધમકાવ્યા—ફટકાર્યા પછી પસ્તાયાં ખરાં? ફરી આવું અવિચારી કૃત્ય નહિ થાય એવું વિચાર્યું ખરું?

● સંતાનોના દેખતાં ફોન પર બેધડક જૂઠું બોલી અસત્યાચરણનો પાઠ તો નથી શીખવ્યો ને?

● તમારી કામવાસનામાં સંતાનપ્રાપ્તિની લાગણી હતી કે નર્યા આવેગ-ઉન્માદનું જોર?

● કોઈપણ બાળકમાં તમને ઈશ્વરનાં દર્શન થાય છે ખરાં?

બ...સ...આટલી વાતો શાંતચિત્તે સ્વગત વિચારશો તો મનમાં થઈ જશે!! આપોઆપ બધું સમજાઈ જશે...

**સ્પર્શમણિ :**

● ઉંમરલાયક તો આપોઆપ થઈ જવાય છે, લાયક થવામાં ઘણીવાર જિંદગી આખી વહી જાય છે.

● સપનાં આવે એ માટે સૂઈ જવું જરૂરી છે પણ સપનાં પૂરા કરવા સમયસર જાગી જવું પણ એટલું જ જરૂરી છે.

● માબાપ આપણા માટે ATM CARD બની શકે છે તો આપણે એમના એમના માટે ADHAR CARD કેમ બની શકતા નથી?

- Rasikvaland1965@gmail.com